

## વિષય : ગુજરાતીમાં જોડણીકોશ ટેકનિક વાકય રચના અને કાવ્યનું શિક્ષણ

**ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ**
(મ.શિક્ષક, કૉમર્સ વિભાગ)

ગુજરાતીમાં જોડણીકોશ ટેક્નિક, વાકય રચના અને કાવ્યનું શિક્ષણ, જોડણી એ ભાષા શુદ્ધિનું અતિ મહત્વનું અંગ છે. જોડણી એટલે લેખન પદ્ધતિ. શબ્દોમાં કયા અક્ષરો લખવા જોડવાની રીત જોડણી શબ્દના કોશગત અર્થ-જોડવાનું કામ કે શબ્દ લખવા અક્ષરોને જોડવાની રીત ગુજરાતી ભાષામાં જોડણી અંગ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા બહાર પડાતો સાર્થ જોડણીકોશ માન્ય ગણાય છે. પાઠય પુસ્તકો અને અન્ય સરકારી પુસ્તકોની જોડણી સાથે જોડણીકોશ પ્રમાણે હોય છે.

❖ **જોડણીના નિયમો :**

૧. જોડાક્ષરોમાં પાછળના અક્ષર પ્રમાણે આગળનો અક્ષર કરવો પથ્થર, ચોખ્ખું, સુદ્ધાં અપવાદ : અચ્છેર, પશ્ચિમ
૨. એકાક્ષરી શબ્દોમાં દીર્ઘ “ઈ”, “ઊ” આવે છે. ફી, ઘી, જી, બી, પી, લૂ, ભૂ, જૂ, છૂ, સ્કૂ
૩. અનુસ્વાર સાથેના એકાક્ષરમાં હસ્વ “ઉ” આવે છે. હું, શું, તું
૪. ત્રણ અક્ષરના શબ્દોમાં ગુરુ અક્ષર પહેલા હસ્વ “ઈ”, “ઉ” હોય છે. જયારે લઘુ અક્ષર પહેલા ના “ઈ” , “ઊ” દીર્ઘ હોય છે. કિનારો, મિનારો, સુથાર, ખેડૂત, કૂતરું, નીલમ, દીકરો, કીચડ, સૂપડું
૫. બે અક્ષરવાળા શબ્દમાં પહેલા અક્ષરમાં “ઈ” કે “ઊ” દીર્ઘ આવે છે. બીક, ભીલ, ઢીલ, ભીખ, ચીજ, ખીર, ભૂખ, ભૂત, કૂખ, દૂધ, સૂકું
૬. ચાર કે વધુ અક્ષરવાળા શબ્દમાં પ્રથમ “ઈ”, “ઉ” હસ્વ હોય છે. હિલ ચાલ, ખિસકોલી, વિલાયત, સિફા, રસ, હુલામણું, કિલકિલાટ
૭. વિશેષણ પરથી બનતા નામ પહેલો અક્ષર દીર્ઘ હોય ત્યાં બીજો અક્ષર પણ દીર્ઘ રહે છે. દા.ત ઢીલું-ઢીલાશ,ચીકણુ ચીકાશ

❖ **વાકયરચના :**

- સંપૂર્ણ અર્થ ધરાવતો શબ્દોનો સમૂહ એટલે વાકય.વાકય એટલે પદોનો સમૂહ
- વાકય એટલે એકથી વધારે પદોનો બનેલો એવો સમૂહ જે સંપૂર્ણ અર્થ ધરાવતો હોય.

❖ **વાકયના લક્ષણો :**

- વાકયમાં ઓછામાં ઓછા કેટલા પદ હોય તો તેને વાકય કહેવાય એવો કોઇ નિયમ નથી.
- વાકયને વિશિષ્ટ આરોહ-અવરોહ અને લય હોય છે.વાકય પૂરો અર્થ કે વિચાર પ્રગટ કરતી રચના છે.

**દષ્ટિ બદલાય એટલે દશ્ય બદલાય. બાળકોને ઊંચુ વિઝન આપો.**

---



## વિષય : અનિયમિત વિદ્યાર્થીઓને વધુ નિયમિત બનવામાં મદદ કરવાની કેટલીક રીતો

**સોનલબેન વાઘ**
(કમ્પ્યૂટર શિક્ષક કૉમર્સ વિભાગ)

➢ ગેરહાજરીનાં કારણોને ઓળખો : ગેરહાજરીનું કારણ શું છે? તે સમજવાનો પ્રયાસ કરો, જેમ કે અકળામણ અથવા શિક્ષકો સાથે સંઘર્ષ

➢ વ્યકિતગત આધાર પૂરો પાડો : વિદ્યાર્થીઓને ઓળખો? તેમની જરૂરિયાત શું છે? તમને ચોકકસ પણે આધાર પૂરો પાડો.

➢ વાતાવરણ જીવંત બનાવો : ખાતરી કરો કે દરેક વિદ્યાર્થીઓ વર્ગખંડમાં સહભાગી થાય છે કે નહી આ જાણવુ ખૂબ જ જરૂરી છે.દરેક વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા જોઇએ જેથી વર્ગખંડનાં વિદ્યાર્થી એકલતાપણું ન અનુભવે.

➢ અપેક્ષાઓ સેટ કરો : વિદ્યાર્થીઓની શી અપેક્ષાઓ છે તે વહેલી તકે સેટ કરો.

➢ સમય પત્રક ઉપયોગ કરો: સ્વયંસંચાલિત સમય પત્રક નો ઉપયોગ કરો.તથા એવુ સમય પત્રક બનાવો જેથી વિદ્યાર્થીઓ આપેલ ટાસ્ક સમયના પહેલાં પૂરો કરે અને એકબીજા સાથે વાતચીત કરી શકે.

➢ પ્રેરક વ્યૂહરચનાઓનો ઉપયોગ કરો : ઉ.દા. તરીકે શિક્ષક હાજરીના આધારે વિવિધ વર્ગોને વિવિધ રંગીન ધ્વજ સોંપી શકે છે.શ્રેષ્ઠ હાજરી ધરાવતો વર્ગ ગર્વ સાથે ધ્વજ લહેરાઇ શકે છે.

➢ જવાબદારી શીખવો : વિદ્યાર્થીઓને તેમના પોતાના પ્રયત્નોની જવાબદારી લેવાનું શીખવામાં મદદ કરો.

➢ પ્રોત્સાહક બનો: સ્વીકાર્ય વર્તનને ઓળખો અને પુરસ્કાર આપો,અને વિદ્યાર્થીઓને પોતાને સારું લાગે તે માટે મદદ કરવાનો પ્રયાસ કરો.

❖ **વિદ્યાર્થીઓના અનિયમિત હોવાના ઘણા કારણો છે,જે નીચે મુજબ છે.**

- અંગત સમસ્યાઓ : વિદ્યાર્થીઓ અંગત સમસ્યાઓ,જેમ કે ડિપ્રેશન,કૌટુંબિક સમસ્યાઓ અથવા સ્વાસ્થ્યની ચિંતાઓ સાથે સંઘર્ષ હોય શકે છે.
- અભ્યાસક્રમ: વિદ્યાર્થીઓને અભ્યાસક્રમનો ઓવરલોડ અથવા અપ્રિય અભ્યાસક્રમ સાથે સંઘર્ષ કરવો પડે છે.
- શિક્ષક સાથે સંબંધો: વિદ્યાર્થીઓને શિક્ષકો તરફથી બિન-મૈત્રીપૂર્ણ અથવા બિન-સહકારી વલણનો સામનો કરવો પડી શકે છે.
- સંસ્થાકીય પરિબળો : વિદ્યાર્થીઓ અને શાળા વચ્ચે નિષ્ક્રિય સંબંધ અનુભવ થઇ શકે છે.
- અન્ય પરિબળો : વિદ્યાર્થીઓ રોજગાર, ઉંમર, સાથીઓનો પ્રભાવ, અનુશાસનહીનતા અને અન્ય બહાનાઓનો દ્વારા પ્રભાવિત થઇ શકે છે.

---



## વિષય : એક શિક્ષકનો વિદ્યાર્થીઓ શાળા અને વાલીઓ પ્રત્યે દ્રષ્ટિકોણ કેવો હોવો જોઇએ?

**નેહલબેન ગલચટ**
(મ. શિક્ષક કૉમર્સ વિભાગ)

❖ **વિદ્યાર્થીઓ તરફનો દ્રષ્ટિકોણ :** એક શિક્ષક વિદ્યાર્થી માટે પ્રોત્સાહક સહાયક હોવો જોઇએ. આ ઉપરાંત તે વિદ્યાર્થીઓમાં વિવેચનાત્મક વિચાર અને રચનાત્મક સંચાર કરતો હોવો જોઇએ. વિદ્યાર્થીઓ તરફ વ્યકિતગત ધ્યાન આપી તેમને શીખવાની પદ્ધતિને પ્રોત્સાહન આપતો હોવો જોઇએ.

❖ **શાળા તરફનો દ્રષ્ટિકોણ :** શિક્ષકે શાળાના સહકારની સાથે સહયોગની ભાવના રાખવી તથા શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શાળાના વિકાસ કાર્યોમાં યોગદાન આપવું જોઇએ આ ઉપરાંત શાળા માટેના વ્યવસાયિક માનકોનું પૂર્ણપણે પાલન કરતો હોવો જોઇએ.

❖ **માતા-પિતા/વાલી તરફનો દ્રષ્ટિકોણ :** શિક્ષકે નિયમિત વાલીશ્રીના સંપર્કમાં રહેવું જોઇએ.તથા વિદ્યાર્થીઓની પ્રગતિ અને અભ્યાસ વિશે સમયાંતરે વાલીને માહિતી આપવી જાઇએ. આ ઉપરાંત શિક્ષકે વિદ્યાર્થી માટે લેવામાં આવતા નિર્ણયોમાં વાલીનું માર્ગદર્શન કરવું જોઇએ અને વાલી સાથે વિશ્વાસ અને સારા સંબંધ કેળવવા જોઇએ.

---



## વિષય : આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ

**દેવ્યાનીબેન ચાવડા**
(મ. શિક્ષક કૉમર્સ વિભાગ)

આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ એ કોમ્પ્યુટર વિજ્ઞાનની એક શાખા છે. જે અગાઉ માનબુદ્ધિની જરૂર હોય તેવા કાર્ય કરવા માટે કોમ્પ્યુટેશનલ મોડલનો ઉપયોગ કરે છે. આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ માનવજાતના ઇતિહાસમાં મોટી ક્રાંતિ લાવશે. જ્યાં સુધી આપણે ટેક્નોલોજીને ફાયદાકારક રાખવાનું સંચાલન કરીશું ત્યાં સુધી માનવીય બુદ્ધિમતાને આર્ટીફીશિયલ સાથે વધારીને માનવ સંસ્કૃતિનો વિકાસ થશે. આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ એ ઘણી જુદી જુદી તકનીકોનો સમૂહ છે જે એકસાથે કામ કરવા માટે મશીનોને માનવીય બુદ્ધિના સ્તરની જેમ સમજવા, કાર્ય કરવા અને શીખવા માટે સક્ષમ બનાવે છે.

આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સનો ઇતિહાસ ૧૯૪૩ સુધીમાં કૃત્રિમ ચેતાકોષોની ઉત્ક્રાંતિ કરવામાં આવી ત્યારબાદ ૧૯૫૬ માં AI નો જન્મ થયો જેમા જગવિખ્યાત વૈજ્ઞાનિક જહોન મેકાર્થીને AI ના પિતા તરીકે ઓળખવામાં આવે છે. ૨૦૨૦ માં GPT -3 લોન્ચ થયું જેનાથી ૨૫% જેટલી AI ની સમસ્યાનું સમાધાન કરવામાં આવ્યું. આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ સમજવાની ક્ષમતા, કારકક્ષમતા, જોડાવાની અને શીખવાની ક્ષમતા ધરાવે છે. આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ એ શીખવાની મશીન લર્નિંગ ક્ષમતા અને તેની પધ્ધતિઓ તકનીકોનો શારીરિક સક્ષમતા છે. રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી કૃત્રિમ બુદ્ધિમતાના ઉદાહરણ તરીકે ડ્રાઇવિંગ કાર, ઓનલાઇન બેન્કિંગ વગેરે સમાવેશ કરવામાં આવે છે.

ત્રણ પ્રકારની આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ છે જેમાં પ્રથમ છે આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ નેરો ઇન્ટેલિજન્સ બીજી છે આર્ટીફીશિયલ જનરલ ઇન્ટેલિજન્સ અને ત્રીજી છે આર્ટીફીશિયલ સુપર બધી બાબતોમાં ઉદ્યોગક્ષેત્રે અવકાશ રહેલ છે.મોડલિંગ અને ડેટા સમસ્યાઓ, ગ્રાહક સુરક્ષા અને પ્રતિષ્ઠાની સમસ્યાઓ, પારદર્શિતા, ઓડિબિલિટી, બેંકની કામગીરી અને બીજી ઘણી સમસ્યાઓ આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સમાં રહેલી છે. ૨૦૨૪માં ટોચના પાંચ રોબોટિકસમાં પ્રથમ સ્થાને આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ અને પાંચમા સ્થાને હ્યુમનોઇડસ છે.